ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજની મનપાની સામાન્ય સભા તોફાની બનશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે સામાન્ય સભા મળશે.

મેયરના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભા તોફાની બની રહેશે તેવી અટકળો રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. સ્થાયી સમિતિના ચેરમેન દ્વારા આઉટસોર્સિંગના કર્મચારીઓ સાથે મહિલા કર્મચારીની હાજરીમાં કરેલા અશોભનીય વર્તાવના મુદ્દે કોંગ્રેસ આજે સત્તાધારી પક્ષને બરાબર ભીડવશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે મળનારી આ સામાન્ય સભામાં પબ્લીક હેલ્થના બાયલોઝને મંજૂરી આપવા ઉપરાંત સુરત મનપામાંથી પ્રતિ નિયુક્તી પર આવવા માગતા ડ્રાયવરની અરજી બાબતનો મુદ્દો મંજૂરી માટે રજુ થનાર છે.

બે મહિના બાદ મળી રહેલી આ સામાન્ય સભામાં વિપક્ષ સત્તાધારી પક્ષને તેની નિષ્ફળતાઓ, તંત્રમાં વધતા જતા ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ ઉછાળી અને આ સભા તોફાની બનાવે તેવી શક્યતાઓ છે.

આ ઉપરાંત મનપાના તંત્ર દ્વારા મહાનગરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના વણઉકલ્યા પ્રશ્નો, ઓ.ડી.એફ. તેમજ અન્ય મુદ્દાઓને લઈ સભા ચાલવા દેવાના મૂડમાં નહિ હોવાનું વિપક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ ભાજપ પણ વિપક્ષ પર વળતો હુમલો કરવાની રણનીતિ તૈયાર કરવામાં વ્યસ્ત બન્યુ હોવાનુ જાણવા મળેલ છે.

સવારે ૧૧.૩૦ વાગે મળનારી સામાન્ય સભા પર સૌની નજર ટકેલી છે. વિપક્ષ મેયરના રાજીનામાની માંગ પણ કરનાર છે. મેયરને રાજીનામુ આપવા સરકારના મુખ્યમંત્રી રૂપાણીએ આપેલા સ્પષ્ટ સંકેત પછી આજે સામાન્ય સભા મળી રહી છે ત્યારે સૌની નજર તેના પર મંડાયેલી છે.



કાયદાની ઐસીતેસી - પાટનગરમાં જાહેરમાં કચરો સળગાવવાના દશ્યો વારંવાર જોવા મળે છે... અખબારમાં ઘણીબધી વખત છપાયા છતાં શહેરમાં કચરો સળગાવવાના જાહેર દશ્યો યથાવત રહ્યા છે... પર્યાવરણની જાળવણી માટે દેશની સુપ્રીમ કોર્ટે જાહેરમાં કચરો સળગાવવા પર પ્રતિબંધ મુકતો ચુકદો આપ્યો છે... સંબંધિત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને પર્યાવરણ જાળવણી માટે કાર્યરત અર્ધસરકારી - સરકારી સંસ્થાઓને તાકિદ કરી જાહેરમાં કચરો સળગાવવા સામે લાલ આંખ કરવા જણાવ્યું છે.... આમ છતાં ગાંધીનગરમાં છાશવારે કાયદાની ઐસીતેસી કરીને જાહેરમાં કચરો સળગાવાય છે...

## મનપાને લેન્ડફિલ્ડ સાઈટ માટે પેથાપુર નજીક ૫૦ એકર જમીન ફાળવણી કરાઈ

**પેથાપુરના નગરજનોએ આજે વિરોધમાં મેયર, ધારાસભ્ય અને કલેક્ટરને આવેદન પત્ર આપ્યુ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાને તેની લેન્ડફિલ્ડ સાઈટ માટે પેથાપુર નજીક ૫૦ એકર જેટલી જમીન ફાળવવાનો નિર્ણય જિલ્લા કલેક્ટર દ્વારા કરી તે અંગેની જાણ મનપાના તંત્રને કરવામાં આવી છે.

૨૦૦૬ થી લેન્ડફિલ્ડ સાઈટનો મુદ્દો જિલ્લાતંત્ર અને મનપા માટે શિરદર્દ બન્યો છે. ૨૦૧૭ના સફાઈ સર્વેક્ષણ દરમ્યાન પણ આ મુદ્દે સ્પષ્ટીકરણ કરવામાં મનપાનું તંત્ર ઉણુ ઉતર્યું છે.

છેલ્લા ૮ વર્ષથી શહેરમાં ઉત્પન્ન થતો કચરો હાલ સ્મશાનગૃહ નજીક ઠલવવામાં આવી રહ્યો છે. મનપાના તંત્ર દ્વારા પણ આ માટે દર વર્ષે બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે પણ લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ થઈ શકી નથી.

દરમ્યાન આજે પેથાપુર ગામ નજીક ડમ્પીંગ સાઈટ બનાવવાનો નગરજનોએ વિરોધ કરી અને ધારાસભ્ય અશોક પટેલ, મેયર પ્રવિણ પટેલ તેમજ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યુ છે.

આ ડમ્પીંગ સાઈટનો વિરોધ કરતાં ગ્રામજનોએ જણાવ્યુ છે કે સોમડેશ્વર મહાદેવ મંદિર એ પૌરાણિક અને ઐતિહાસિક મંદિર છે અને આ વિસ્તારમાં કોઈ ગંદકી કરાશે તો સાંખી લેવાશે નહિ.

● અનુસંધાન પાન-૭ પર

## યોગ દિવસની ઉજવણીને અનુલક્ષી ગાંધીનગર ડેપોની ૨૨ બસો દોડશે

**અમદાવાદ ખાતે યોજાનારા કાર્યક્રમને અનુલક્ષી નગરના વિદ્યાર્થીઓ તેમજ નાગરિકો માટે ખાસ બસસુવિધા**

ગાંધીનગર તા ૧૯

આગામી તા ૨૧ જુનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જયારે અમદાવાદ ખાતે યાજાનારા કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લામાંથી પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ નાગરિકો ભાગ લેશે. જેને ધ્યાને લઈ યોગના સાધકો માટે ગાંધીનગર ડેપો કક્ષાએથી ૨૨ બસો ફાળવવામાં આવી છે.અમદાવાદ યુનિવર્સિટી મેદાન ખાતે યાજાનારા યોગ નિદર્શનના આંતરરાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો ભાગ લેવાના હોવાથી જિલ્લા કક્ષાએથી બસસેવાની પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજનને અનુલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. યોગ દિવસ અન્વયે શહેર જિલ્લાની શાળાઓ તેમજ સંસ્થાકીય કક્ષાએ પણ ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે અમદાવાદ યુનિવર્સિટી મેદાન ખાતે પણ યાગ દિવસની ઉજવણીને અનુલક્ષી વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવશે. અમદાવાદ ખાતે થનારી યોગ દિવસની ઉજવણીમાં વિશાળ સંખ્યામાં નાગરિકો તેમજ વિદ્યાર્થીઓ પણ ભાગ લેશે. જયારે ગાંધીનગર શહેરમાંથી પણ ૪૦૨૫ જેટલા વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકો પણ યોગ દિવસની ઉજવણીમાં સામેલ થશે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએથી પણ નાગરિકો યોગ દિવસની ઉજવણીમાં જોડાશે. યોગ દિવસની ઉજવણીને અનુલક્ષી યોગ સાધકો ઉપરાંત વિદ્યાર્થીઓ પણ સરળતાથી સ્થળ પર પહોંચી શકે તે માટે જિલ્લા કક્ષાએથી ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કલોલ ,માણસા દહેગામ ઉપરાંત ગાંધીનગર ડેપો દ્વારા પણ બસો ફાળવવામાં આવી છે. ગાંધીનગર ડેપો દ્વારા પણ આ માટે ૨૨ બસો ફાળવવામાં આવી છે. જેથી યોગના કાર્યક્રમમાં ભાગ લેનારાને સરળતાથી વાહન સેવા પણ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત શહેરમાં સીટી બસ બંધ થતા આસપાસના ગ્રામજનોને પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આવા સંજોગોમાં એસ ટી તંત્ર દ્વારા સે-૨૮-૨૯ના રૂટની સેકટરોની બસો સવારે તેમજ સાંજના સમયે પેથાપુર સુધી લંબાવામાં આવી છે. સ્થાનિકોની રજુઆતને ધ્યાને લઈ સેકટરની આ બસને પેથાપુર સુધી દોડાવાશે.

## ભગવાનના મોસાળ જલારામ ધામમાં ભાવિકોને મોહનથાળ ખીચડીનો પ્રસાદ

**રવિવારે રથયાત્રા હોવાના લીધે ભાવિકોની સંખ્યા બેવડાશે : ઠંડી છાશ અને મિનરલ પાણીની પણ વ્યવસ્થા : જલારામ સેવા સમાજના ૧૦૦ સ્વંયસેવકો ઉપરાંત ૩૦ રસોઇયા કામે લાગશે**

ગાંધીનગર તા ૧૯

આગામી અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીની ૩૩મી રથયાત્રાને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે રથયાત્રાને અનુલક્ષી ભગવાનના મોસાળામાં પણ આ વખતે ભાવિકોનો ઉત્સાહ વધુ જોવા મળશે. રવિવારે રથયાત્રા હોવાના લીધે મોસાળમાં ૮ હજાર જેટલા ભાવિકો પ્રસાદનો લાભ લેશે. સે-૨૯ જલારામ ધામ સ્થિત ભગવાનના મોસાળમાં ભાવિકો માટે મોહનથાળ , ખીચડી બટેટાનુ શાક અને છાશનો પ્રસાદ પીરસવામાં આવશે. જલારામ સેવા સમાજ દ્વારા પણ ભગવાનના મોસાળમાં જગન્નાથજીની રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રવિવારની રજાના દિવસે રથયાત્રા હોવાના લીધે ભાવિકોની સંખ્યા બેવડાય તેવા અંદાજને ધ્યાને લઈ પ્રસાદ માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

અંદાજિત ૮ હજાર જેટલા ભાવિકો માટે મોહનથાળ ,ખીચડી , બટેટાનુ શાક તેમજ છાશના પ્રસાદનુ આયોજન કરવામાં આવશે. આ માટે ૩૦ રસૌઈયા તેમજ ૧૦૦ જેટલા સ્વયંસેવકોની ટીમ પણ ખડેપગે રહેશે. પ્રસાદમાં મોહનથાળ માટે ૧૫૦ કિલો ઘી, ખીચડી માટે ૪૦૦ કીલો ચોખા અને ૩૦૦ કીલો મગદાળનો ઉપયોગ કરાશે. જયારે ભાવિકો માટે છાશની સાથે મિનરલ વોટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ભાવિકોને ઠંડા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે ૧૦૦ જેટલા પાણીના જગ પણ મુકવામાં આવશે. જલારામ સેવા સમાજના હાદેદારા તેમજ મહીલા મંડળ અને સ્વયંસેવકો રથાયાત્રાના સ્વાગત તેમજ પ્રસાદના આયોજન માટે કામે લાગી ગયા છે.

## શહેરમાં લાંબા સમય બાદ પણ એલઈડી લાઈટની જાળવણીનુ કામ ઠેકાણે પડ્યું નથી

**શહેરમાં એલ ઇ ડી લાઇટની જવાબદારી સંભાળતી એજન્સીની ઓફિસ અમદાવાદમાં : હેલ્પલાઇનની વાત પણ અધ્ધરતાલ**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં એલ ઈ ડી લાઈટની જળહળાના લીધે નગરના માર્ગો પર સફેદ અજવાળુ પથરાયુ છે. પરંતુ સેકટરોમાં એલ ઈ ડી લાઈટો ડુલ રહેતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે બંધ સ્ટ્રીટ લાઈટની ફરિયાદ સંદર્ભે હેલ્પલાઈન કાર્યરત કરી દેવામાં આવી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જો કે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટની જવાબદાર એજન્સીએ પોતાની ઓફિસ અમદાવાદમાં કાર્યરત કરી છે. ત્યારે હેલ્પલાઈનના માધ્યમથી સ્થાનિક નાગરિકોની ફરિયાદનુ નિરાકરણ આવતુ ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો અનેકવાર સ્થાનિક રહીશોના રોષનુ કારણ બને છે. અગાઉ સ્ટ્રીટ લાઈટની જવાબદારી ટોરેન્ટ પાવર ને સોંપવામાં આવી હતી. પરંતુ ગત દિવસોમાં શેહરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોમાં એલ ઈ ડી લાઈટોની જળહળા કરવામાં આવી છે. શહેરમાં તમામ થાંભલાઓમાં એલ

● અનુસંધાન પાન-૭ પર

## જુના સચિવાલયમાં લીફટની સુવિધા ઉપલબ્ધ કરાશે

**હાલ ચાર બ્લોકમા લીફ્ટ મુકવામાં આવી છે : અન્ય બ્લોકમાં પણ હવે લીફટની વ્યવસ્થા કરાશે : વિકલાંગ મુલાકાતીઓની મુંઝવણનો અંત આવશે**

ગાંધીનગર તા ૧૯

જુના સચિવાલયમાં લીફટ મુકવા માટેની કાર્યયોજના આખરી થઈ ગઈ છે. જુના સચિવાલયમાં ૨૦ પૈકી માત્ર ચાર જ બ્લોકમાં લીફટની સુવિધા ઉપલબ્ધ છે. જયારે આગામી દિવસોમાં તમામ બ્લોકમાં લીફટ મુકી દેવાશે. વિકલાંગ મુલાકાતીઓની હાલાકીનો પણ અંત આવશે. લીફટ મુકવાની યોજના અન્વયે ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે.

જુના સચિવાલયમાં અનેકવિધ સરકારી કચેરીઓ ધમધમે છે . જયારે દિવસ દરમિયાન આ સંકુલમાં હજારો કર્મચારીઓ ઉપરાંત મુલાકાતીઓ પણ વિશેષ સંખ્યમાં આવતા હોય છે. સચિવાલય સંકુલમાં કુલ ૨૦ બ્લોક છે. જયારે આ પૈકી માત્ર ૪ બ્લોકમાં જ લીફટની સુવિધા છે. નવા બનેલા બ્લોકમાં લીફટની સુવિધાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કોર્પોરેટ લુક ધરાવતા બ્લોકમાં સઘળી સુવિધા સાથે ખાસ કરીને વિકલાંગોને હાલાકી ન

● અનુસંધાન પાન-૭ પર

## ...નહી તો મનપાના કર્મચારીઓ અચોક્કસ મુદ્તની હડતાલ પર જશે

**મનપાના કર્મચારીઓએ મેયર અને કમિશનરને આવેદન પત્ર આપી રોષ વ્યક્ત કર્યો**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં સ્થાયી સમિતિના ચેરમેન સામે આજે મનપાના કર્મચારીઓએ મેયર પ્રવિણ પટેલ અને મ્યુનિ. કમિશનરને આવેદન પત્ર આપી તેમની સામે પગલાં લેવા માંગ કરી છે તેમજ પગલાં નહિ લેવાય તો હડતાલ પર જવાની ચીમકી પણ આપી છે.

મનપાના ૪૦થી પણ વધુ કર્મચારીઓએ આ આવેદનપત્ર પર હસ્તાક્ષર કર્યા છે અને પગલાં લેવા માંગ કરી છે.

તેમણે ચેરમેનના અસભ્ય વ્યવહાર અંગે પણ ફરિયાદો આ આવેદનપત્રમાં કરી છે. જાહેરમાં અપશબ્દો બોલતા હોવાની ફરિયાદ કરતાં આ આવેદનપત્રમાં જણાવાયુ છે કે તેઓ કેબીનમાં બોલાવી પણ ગાળો કર્મચારીઓને બોલી અપમાનિત કરી રહ્યા છે. આ ઉપરાંત મિકેનીકલ શાખાના એક કર્મચારી ઝીલ પંડ્યાને બરતરફ પણ વિના વાંકે કરવામાં આવ્યાનો ઉલ્લેખ આ આવેદનપત્રમાં કરી કર્મચારીઓએ આપી ચેરમેન સામે તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે. કર્મચારીઓ-અધિકારીઓ પર માનસિક દબાણ અને યાતનાઓ આપવામાં આવી રહી છે તે કોઈ ગુનાથી ઓછુ નથી તેવી રજુઆત પણ આવેદન પત્રમાં કરવામાં આવી છે.

ગત સપ્તાહે મનપાની સ્થાયી સમિતિના ચેરમેન કચેરીના રાઉન્ડમાં નીકળ્યા ત્યારે બે કર્મચારીઓ દ્વારા ઉભા થઈ સન્માન ન આપવામાં આવતાં ચેરમેને આ કર્મચારીઓનો જાહેરમાં ઉઘડો લઈ નાખ્યો હતો એટલુ જ નહિ આ ન્યાયની માંગ કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ચેતવણી પણ

● અનુસંધાન પાન-૭ પર


















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com